ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૯૭ ટકા

# ‘રામકાજ’ સંપન્ન થતાં હરષિ ઉર ભર આયો...!!



‘રામચંદ્ર કૃપાળુ ભજમન..’ ભગવાન શ્રી રામની આ સ્તુતિ સાથે નગરજનોમાં આંનદ અને ઉલ્લાસ છવાઈ ગયો હતો કેમ કે સૈકાઓની લડત બાદ આજે એ સ્વપ્ન સાકાર થતું જોવા મળ્યું જેમાં રામજન્મભૂમિ પર ભવ્ય અને દિવ્ય રામમંદિરના નિર્માણ માટે ભૂમિપૂજન થઈ રહ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે યોજાયેલા આ ભૂમિપૂજનને નિહાળી ગૌરાન્વિત થયેલા સે-૫ના આ શ્રધ્ધાળુ મહિલાએ આ ઐતિહાસિક અવસરને પોતાના ઘર આંગણે દિપ પ્રાગટય થકી વધાવ્યો હતો અને આ રીતે કોવિડ-૧૯ મહામારીના કપરા કાળમાં ‘મર્યાદા’ સહ મર્યાદા પુરૂષોત્તમ સમક્ષ મનોમન પોતાના મનોભાવ વ્યકત કર્યા હતા. ગાંધીનગરના અન્ય શહેરી વિસ્તારમાં પણ શ્રધ્ધાળુઓએ દિપ પ્રાગટય કરી આનંદ ઉત્સવ મનાવ્યો હતો.

## રાંદેસણ કાસારીયો ફલેટમાં તસ્કરો ત્રાટકયા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના રાંદેસણ વિસ્તારમાં આવેલા કાસારીયો ફલેટના બંધ મકાનને ચોર ઈસમોએ નિશાન બનાવ્યો છે. પિતા અવસાનને પગલે પરિવાર પોતાના વતન ગયો હતો. ત્યારે ચોર ટોળકીએ વહેલી સવારે ત્રાટકી ઘરના મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશી બેડરૂમમાં રહેલી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપીયા મળીને કુલ રૂ.૧,૪૮,૦૦૦ ની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. બનાવ અંગે પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસે ચોર ટોળકીને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગત મુજબ રાંદેસણ વિસ્તારમાં કાસારીયો ફલેટ નં. જી.૩૦૩ ખાતે રહેતા ઉમેશભાઈ સેંજલીયા સરગાસણ ખાતે ખાનગી કંપનીમાં ફરજ બજાવે છે. ગત તા. ૮ જુલાઈના રોજ તેઓ પિતા મૃત્યુ પામ્યા હોવાથી પરિવાર સાથે વતન ગયા હતા. ત્યારે તા. ૪ ઓગસ્ટના રોજ સવારના સુમારે તેમના પાડોશીએ તેમના ઘરનો દરવાજો ખુલ્લો જોતા તેઓને ફોન કરીને જાણ કરી હતી. તેઓએ આવીને ઘરે જોતા ઘરના મુખ્ય દરવાજાનું તાળુ અને નકુચો તુટેલા હતા. જયારે ઘરમાં તેઓએ તપાસ કરતા બેડરૂમમાં રહેલી લાકડાની તિજોરીમાં ડ્રોઅરનો સામાન વેર વિખેર હાલતમાં પડ્યો હતો. ફરીયાદીએ તિજોરીમાં તપાસ કરતા સોનાની ચાર નંગ બંગળી, બે પાટલા, કડલી, મંગળસુત્ર, ચુની, પેંડલ સેટ તેમજ ચાંદીના પગના છડા સહિત ઘરમા રહેલા રોકડા રૂ.૫ હજાર પણ ઘરમાંથી ગાયબ હતા. ચોર ઈસમોએ સોના ચાંદીના દાગીના તેમજ રોકડ મળી કુલ રૂ.૧,૪૮,૦૦૦ મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. જયારે સોસાયટીના સીસીટીવી ચેક કરતા રાત્રીના અરસામાં ૬ ઈસમો આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. જયારે ચોર ઈસમોએ અન્ય એક ફલેટનું પણ તાળુ તોડ્યું હતું.પરંતુ ફલેટ ખાલી હોવાનું ધ્યાને આવ્યું છે.



ગાંધીનગર લોકેશન ૧૮૧ અભયમ ટીમ દ્વારા મહિલા પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે ૨જી અને ૩જી ઓગષ્ટ અનુક્રમે વ્હાલી દિકરી દિવસ અને સ્વાવલંબન મહિલા દિનની ઉજવણી રૂપે રક્ષાબંધન દિવસ અનોખી રીતે ઉજવવામાં આવ્યો.

વ્હાલી દીકરી દિનની ઉજવણીમાં માતા અને દીકરીને ગુલાબનું ફુલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા જયારે ૧૦૮ની ટીમ અને ૧૮૧ના પાયલોટને રાખડી બાંધી રક્ષાબંધન કરવામાં આવ્યું હતું. મહિલા સ્વાવલંબન દિવસ નિમિત્તે ઉપસ્થિત મહિલાઓને સ્વનિર્ભર બનવા માટ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## સેકટર-૧૩ છાપરા પાસે અજાણ્યા વાહનની અડફેટે યુવક ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા.૫

શહેરના મહાત્મા મંદિરથી ખ-૩ તરફ જતા માર્ગ પર સેકટર-૧૩ ના છાપરા પાસે એકટીવાને અજાણ્યા વાહને અડફેટે લેતા યુવક નીચે પટકાયો હતો. જેમાં યુવકને શરીરે ઈજાઓ પહોંચતા સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયો હતો.ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાયો હતો. બનાવ અંગે ઈજાગ્રસ્ત યુવકની પત્નીએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ કોલવડા ગામે શ્રીનાથ સોસાયટી ખાતે રહેતા રાહુલ રમેશભાઈ ઝા છેલ્લા ૧૧ માસથી રાજ એગ્રો કંપનીની વોલ્વો ચલાવે છે. રક્ષાબંધનના દિવસે રજા હોવાથી યુવક એકટીવા લઈને સવારે ૯ વાગ્યાના સુમારે શાકભાજી લેવા માટે નીકળ્યો હતો. સવારથી નીકળેલ પતિ મોડીસાંજ સુધી ઘરે પરત ન ફરતા પત્ની ચિંતિત બની ગઈ હતી.ત્યારે રાત્રીના પોણા આઠ વાગ્યાના અરસામાં માલિકના દિકરાએ અકસ્માત અંગે જાણ કરી હતી.જેમાં બપોરે સાડાબાર વાગ્યાના અરસામાં સે-૧૩ છાપરા નજીક એક અજાણ્યા વાહને એકટીવાકને ટકકર મારી હતી. જેને પગલે એકટીવા ચાલક યુવક માર્ગ પર નીચે પટકાયો હતો. ઈજાગ્રસ્ત યુવકને રીક્ષા ચાલકે તાત્કાલીક અસરથી સિવિલ સારવાર માટે ખસેડ્યો હતો. જયાંથી વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાયો હતો. હાલના સમયે યુવક ભાનમાં તો આવ્યો છે પરંતુ કશુ બોલવાની સ્થિતિમાં નથી. જેથી ઈજાગ્રસ્ત યુવકની પત્નીએ અકસમાત અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફુટેજને આધારે આરોપીની શોધખોળ શરુ કરી છે.

# સિવિલના ૨૦ કર્મચારીઓ અત્યાર સુધી કોરોનાથી સંક્રમિત

ગાંધીનગર, તા.૫

પાટનગરમાં પણ કોરોનાનો કહેર દિન પ્રતિદિન વધી રહ્યો છે. ગાંધીનગર શહેર-જિલ્લામાં ૧૭૦૦ જેટલા કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે.ત્યારે સિવિલ કેમ્પસમાં ૬૦૦ બેડમાં કોવીડ હોસ્પિટલ ઉભી કરાઈ છે. કોવીડ હોસ્પિટલમાં ૧૫૦ થી વધુ કોરોના પોઝીટીવ અને સસ્પેકટેડ દર્દીઓ સારવાર હેઠળ છે. ત્યારે કોરોના વોરીયર્સ તરીકે ફરજ બજાવતા ડોકટર થી લઈને વર્ગ-૪ ના કર્મચારી પણ કોરોના થી સંક્રમિત થયા હતા. સિવિલમાં ફરજ બજાવતા ૨૦ અધિકારી-કર્મચારી કોરોનાનો ભોગ બન્યા હતા. આ તમામ વ્યકિતઓ કોરોનાને મ્હાત આપી પોતાની ફરજમાં લાગી ગયા છે.

કોરોનાના કેસનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. રાજયમાં કોરોનાના કેસ ૬૫ હજારને પાર કરી ગયા છે. કોરોનાના રાજકીય થી લઈ ફિલ્મક્ષેત્ર સુધીના તમામ મોટી હસ્તીઓ કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. રાજયના આરોગ્ય વિભાગના અધિકારી-કર્મચારી રાત દિવસ કોરોનાને કાબુમાં કરવા માટે મથામણ કરી રહ્યા છે. કોરોનાના ભયનો પગલે વ્યકિતઓ ઘરની બહાર પણ નીકળી રહ્યા નથી. ત્યારે ગાંધીનગરની કોવીડ હોસ્પિટલમાં કોરોના દર્દીઓથી ભરચક છે. તાજેતરમાં દર્દીઓની સંખ્યા વધી જતા ૫ માળે પણ વોર્ડ ઉભો કરાયો છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં ફરજ બજાવતા ૨૦ કોરોના વોરીયર્સ પણ કોરોનાના ભોગ બન્યા હતા. જેમાં ડોકટર્સથી લઈને વર્ગ-૪ ના કર્મચારી સુધીનો સમાવેશ થાય છે. સિવિલમાં ફીજીશીયન ડોકટર-૨, એનેથેસીયા વિભાગના ડોકટર-૩, મેડીકલ ઓફિસર-૩, સર્જન-૧ અને સિનિયર રેસીડન્ટ ડોકટર-૧ પણ કોરોના પોઝીટીવ થયા હતા.જયારે તે ઉપરાંત એકસ-રે ટેકનીશીયન-૧, નર્સિંગ સ્ટાફ-૬ કર્મચારી ભાઈ-બહેન, કોમ્પ્યુટર ઓપરેટર-૧ વોર્ડ આસીસટન્ટ-૨ અને ખાનગી એજન્સીનો સુપરવાઈઝર-૧ કોરોનાથી સંક્રમિત થયો હતો. આ તમામ ૨૦ અધિકારી-કર્મચારી કોરોનાને મ્હાત આપીને પરત પોતાની ફરજ પર લાગી ગયા છે. ત્યારે તમામ ફરજ નિષ્ઠ કોરોના વોરીયર્સની કામગીરી પણ પ્રશંસનીય છે.



શહેરમાં કોરોના મહામારીના કારણે લાંબા સમયથી રમતગમતની પ્રવૃત્તિઓ પર પણ અંકુશ મુકવામાં આવ્યો હતો પરંતુ બાળકો કયાં સુધી રમતથી દૂર રહી શકે? હવે અનલોક-૩ અંતર્ગત જનજીવન થાળે પડી રહ્યું છે ત્યારે સેકટર-૬ના બગીચામાં લાંબા સમયથી રમતથી દૂર રહેલા બાળકોએ મન ભરીને ફુટબોલ રમવાનો આંનદ માણ્યો હતો.

## ઉવારસદથી વિદેશી દારૂની ૮૮૦ બોટલ ઝડપાઈ

ગાંધીનગર, તા.૫

રાજયમાં દારૂબંધી માત્ર કાગળ પર નામ પુરતી હોય તેમ લાગી રહ્યું છે. પાટનગરના પાદરે આવેલા ઉવારસદ ગામમાંથી અડાલજ પોલીસે વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની ૮૮૦ બોટલ ઝડપી પાડી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના પીઆઈ ડી.એ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલીંગમા હતી તે સમયે બાતમી મળી હતી કે ઉવારસદ ગામના રણજીપુરા જોગણી માતાના મંદિર પાસે પોપટપુરામાં રહેતો શખ્સ દારુનો વેપાર કરે છે. જેથી પોલીસે ભૂપત ઉર્ફે ભોપો પ્રહલાદજી ઠાકોરના ઘરે રેઈડ પાડી હતી.પોલીસે ઘરની અંદર તપાસ કરતા વિવિધ બ્રાન્ડની વિદેશી દારુની ૮૮૦ બોટલ મળી આવી હતી.જો કે આરોપી ભૂપત ઠાકોર ઘરેથી મળી આવ્યો ન હતો. પોલીસે રૂ. ૨,૭૫,૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી પોલીસે આરોપીની શોધખોળ આદરી છે. તે ઉપરાંત આરોપી દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યો હતો અને દારુના વેપારમાં તેની સાથે અન્ય કોઈ ભાગીદાર છે કે કેમ તે દિશામાં પણ પોલીસે તપાસ શરુ કરી છે. જો કે ઉવારસદમાં પોલીસને રેઈડને પગલે દારુના વેપારીઓમાં ભયનો માહોલ છવાયો છે.

## જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા નેશનલ કેરીયર સર્વિસનો લાભ લઈ રાષ્ટ્રીય કક્ષાએ યોગ્ય રોજગાર મેળવવાની તક

ગાંધીનગર, તા.૫

રોજગારવાંચ્છું ઉમેદવારોને જણાવવાનું કે કેન્દ્ર સરકારની નેશનલ કેરીયર સર્વિસ (ઓનલાઈન જોબ સર્ચ પોર્ટલ) સેવા રોજગારવાંચ્છું તથા નોકરીદાતાને એકબીજા સાથે જોડવાનું કામ કરે છે. જેનો લાભ લેવા માટે પોર્ટલ પર ઉમેદવારે **"JOB SEEKER"** તરીકે રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. નેશનલ કેરીયર સર્વિસના માધ્યમથી રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ રાષ્ટ્રિય કક્ષાએ રોજગાર લક્ષી સેવાઓનો લાભ લઈ શકાય છે.

સ્થાનિક, રાજય અને રાષ્ટ્રિય કક્ષાએ જોબ શોધી શકાય છે, સ્થાનિક સેવાઓ પૂરી પાળતા લોકો (પ્લમ્બર, ડ્રાઈવર, ઈલેક્ટ્રીશીયન, કડિયા કામદાર, દરજી વિગેરે) ‘લોકલ સર્વિસ પ્રોવાઈડર’ તરીકે નામ નોધાવી શકે છે. કારકિર્દી માર્ગદર્શન મેળવી શકાય છે. સરકારી જોબ પોર્ટલ વિષે માહિતી મેળવી શકાય છે. સ્વરોજગારને લગતી સેવાઓ અને યોજનાઓ વિષે માહિતી મેળવી શકાય છે. **CV** બનાવી શકાય છે તેમજ આ સાથે બીજી અનેક સેવાઓનો લાભ લઈ શકાય છે. **JOB SEEKER** રજીસ્ટ્રેશન કરાવવા માટે ઉમેદવારે આપેલ લીંક **https://forms.gle/RQE8oCTGif92bLLR7** પર જઈને કાળજીપૂર્વક આપેલ માહિતી ભરીને સબમિટ કરાવવાની રહેશે. જેથી તેઓનું રજીસ્ટ્રેશન થઈ શકે. ઉપરાંત વધુ માહિતી માટે આપ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર, બીજો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧ ગાંધીનગરનો સંપર્ક કરવા જિલ્લા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

## જિલ્લા વિકાસ અધિકારીએ પેથાપુર ગામની મુલાકાત લીધી



ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાને આજરોજ પેથાપુર ગામની મુલાકાત લીધી હતી. તેમના દ્વારા ધન્વંતરી રથની પણ ખાસ મુલાકાત લેવામાં આવી હતી.

તેઓશ્રીએ રથની કામગીરી વિશે ચર્ચા કરી ઓ.પી.ડી. નો વ્યાપ કેવી રીતે વધારવો, ટેસ્ટની સંખ્યા વધારવા તેમજ રોગ પ્રતિકારક શક્તિ માટે સમજ આપી હતી. ધન્વંતરી રથના કર્મચારીઓને ધન્વંતરી રથનો બહોળા પ્રમાણમાં લોકોને લાભ મળે તે રીતે આયોજન કરવા ભારપૂર્વક જણાવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આશા બહેનો, એફ.એચ.ડબલ્યુ, એમ.પી.એચ.ડબલ્યુ પાસેથી હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ બાબતની કામગીરીનું ક્રોસ ચેકીંગ કર્યું હતું. આ ઉપરાંત શક્તિ નગર વિસ્તારના કન્ટેન્ટમેન્ટ વિસ્તારની મુલાકાત પણ તેમણે લીધી હતી.



કોર્પોરેટર હિરલબેન જોષી અને રાકેશભાઈ પટેલ દ્વારા વોર્ડ નંબર ૭ હેઠળના વિસ્તારના ધર્મસ્થાનો તથા રમતગમતના સ્થળો પાસે સાફ સફાઈનું કામ કરાવી બાકડા મુકવામાં આવ્યા હતા.

## વા-વંટોળ સાથે વરસાદ તો બહુ વરસ્યો નહીં છતાં વાવોલમાં વીજળી વેરણ થઈ...!!

### વરસાદી ઋતુમાં છાશવારે લાઈટો ગુલ થવાની સમસ્યાથી વાવોલના નાગરિકોને છુટકારો કયારે મળશે?

ગાંધીનગર, તા.૫

વાવોલ વિસ્તારનો ગાંધીનગર મહાનગરમાં સમાવેશ કરવામાં આવ્યો છે પરંતુ હજુ પણ આ વિસ્તારની જનતા પાયાની સુવિધાઓમાં ધાંધિયાથી ત્રસ્ત છે તેનાથી કયારે છુટકારો મળશે તેની મીટ માંડીને બેઠી છે. આ પાયાની સુવિધાઓમાં વરસાદી સીઝનમાં વારંવાર લાઈટો ગુલ થવાની સમસ્યાનો સમાવેશ થાય છે જે દર વર્ષે આ વિસ્તારના વસાહતીઓ માટે માથાના દુખાવા સમાન બની જાય છે પરંતુ તેનો કાયમી ઉકેલ આવતો નથી. આજે સાંજે ફરી એકવાર આ સ્થિતિ સર્જાતા રહીશો પરેશાનીનો ભોગ બન્યા હતા.

બુધવારની સાંજે સમગ્ર ગાંધીનગર વિસ્તારમાં ભારે વરસાદ થાય તેવો માહોલ સર્જાયો હતો અને આકાશમાં કાળા ડિબાંગ વાદળો સાથે અંદાજે સાંજના પાંચેક વાગ્યાના સુમારે વરસાદ શરૂ થયો હતો. વા-વંટોળ સાથે શરૂ થયેલા આ વરસાદ સાથે જ વાવોલમાં લાઈટો ગુલ થઈ ગઈ હતી અને વરસાદ તો ‘ગાજયા મેહ વરસે નહીં’ની ઉકિત મુજબ અપેક્ષા અનુસાર પડયો નહી પરંતુ એક કલાક જેટલાં સમય સુધી વિજળી વેરણ રહેતા વાવોલ વિસ્તારના નાગરિકો ત્રાહિમામ પોકારી ગયા હતા. ખાસ કરીને મોટી ઉંમરના વડીલોની હાલત ઉકળાટ-બફારાના વાતાવરણને કારણે કફોડી થવા પામી હતી. કેટલાંક જાગૃત નાગરિકો દ્વારા ઉત્તર ગુજરાત વિજ કંપનીમાં ફરિયાદ માટે છ સાત વાર ફોન કરવા છતાં ફોનમાં બીઝી ટોન જ સાંભળાયા કર્યો હતો. વરસાદી ઋતુમાં આમ છાશવારે વીજળી ગુલ થવાની સમસ્યા વવોલ વિસ્તારમાં કયારે ઉકેલાશે તેવો સવાલ આ વિસ્તારના નાગરિકો પુછી રહ્યાં છે.



અયોધ્યામાં રામમંદિરના ભૂમિ પૂજનની ઐતિહાસિક ઘટનાને દેશભરમાં શ્રધ્ધાપૂર્વક નિહાળવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે યોજાયેલા આ ભૂમિપૂજનને લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવ્યું હતું. જેને સેકટર-૬ના શોપીંગ સેન્ટર ખાતે ગાંધીનગર શહેર મહાનગર ભાજપના અગ્રણી નેતાઓ પૂનમભાઈ મકવાણા, અશોકભાઈ પટેલ, મહેન્દ્રભાઈ પટેલ, કેતન પટેલ સહિત કાર્યકરોએ સાથે મળીને નિહાળ્યો હતો.

### ચિરવિદાય

- સ્વ. પ્રજાપતિ અશોકભાઈ હીરાલાલ, ઉ.વ. ૫૮, સે-૨૬, ગાંધીનગર
- સ્વ. મહેરીયા બબુબેન પીતાંબરભાઈ, ઉ.વ. ૭૮, સે-૨-બી, ગાંધીનગર
- સ્વ. ઠાકોર અંબાલાલ જવાનજી, ઉ.વ. ૬૫, શિહોલી મોટી, ગાંધીનગર
- સ્વ. બળવંતજી ખોડાજી ડાભી, ઉ.વ. ૪૯, ધુમાસણા, તા. કલોલ
- સ્વ. મીનીમાલો ગીરીશ માલી, ઉ.વ. ૪૦, ગોકુલપુરા, સે-૧૪
- સ્વ. પટેલ સંજયભાઈ બળદેવભાઈ, ઉ.વ. ૪૯, સે-૨૧, ગાંધીનગર
- સ્વ. બારોટ દિનેશકુમાર શાંતિલાલ, ઉ.વ. ૬૦, દહેગામ, જી. ગાંધીનગર